# સાત માનવ જિંદગીઓ હોમાયા બાદ તંત્ર હરકતમાં

## પાલનપુરના અકસ્માત ઝોન આર.ટી.ઓ. સર્કલની મુલાકાત લેતા કલેક્ટર : નેશનલ હાઇવે ઓથોરિટીને વિવિધ સુચન કરાયા : સર્કલ નાનું બનાવી, રબ્બર બમ્પ, રિફ્લેક્ટર સહિત દિશાસૂચક બોર્ડ લગાવાશે



પાલનપુર-આબુ હાઈવે પર તાજેતરમાં જુના આર.ટી.ઓ સર્કલ નજીક રાજસ્થાન તરફથી બેફામ આવી રહેલા કાળમુખા ટેન્કરએ ૭ નિર્દોષ માનવ જિંદગી ને ભરખી લીધી હતી. આ ગોઝારા અકસ્માતની ઘટનાના જિલ્લાભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ત્યારે ચોમેરની ફિટકાર બાદ આ ઘટનાને લઈ જિલ્લા પ્રશાસન હરકતમાં આવ્યું હતું.

દરમિયાન, બનાસકાંઠા જિલ્લા કલેકટરએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સાથે ઘટના સ્થળે જઈ અકસ્માત ઝોન આ સર્કલને નાનું કરવા સહિતના અકસ્માત નિવારણ માટેના પગલાં ભરવાની તાકીદ કરાઈ હતી.

પાલનપુર આબુ હાઈવે તરફના અકસ્માત ઝોન તરીકે પંકાયેલા બન્ને સર્કલને નાના કરવા માટેની લોક રજૂઆતને લઈને આજે જિલ્લા કલેક્ટર દિલીપ રાણા નેશનલ હાઈવે ઓથોરોટીના અધિકારીઓ સાથે આર.ટી.ઓ સર્કલ પર જાત નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. જ્યાં હાઈવે ઓથોરિટીના અધિકારીઓને અકસ્માત થતા અટકે તે માટે જરૂરી સુચન આપી ત્વરિત કામ ચાલુ કરવાના આદેશ કરવામાં આવ્યા હતા. આ સ્થળ નિરીક્ષણ ટાણે જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા સાથે નેશનલ હાઈવે ઓથોરિટીના મેનેજર રામશંકર ઝા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### ટેકનેશિયનની સલાહ લેવાશે

પાલનપુર આબુ હાઈવે પર આવેલ આરટીઓ સર્કલના ભયાનક વળાંક વાહન ચાલકો માટે અકસ્માત ઝોન સાબિત થાય તેમ છે. આબુ તરફથી આવતા વાહન ચાલકો માટે સર્કલનો ભયાનક વળાંકને પગલે ખુબ સાવચેતીપૂર્વક વાહનને પસાર કરવું પડે છે. જિલ્લા કલેક્ટર દિલીપ રાણાએ મીડિયા સાથેની વાતચીત માં જણાવ્યું હતું કે ટેક્નિશિયનની સલાહ લઈને આર. ટી.ઓ સર્કલને નાના કરવા માટે હાઈવે ઓથોરિટીને આદેશ કરવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

### અકસ્માત નિવારણ માટે પગલાં ભરવા તાકીદ

અકસ્માત નિવારણ માટે ખાસ કરીને આરટીઓ સર્કલ ને નાનું કરવા માટે કલેક્ટરએ સુચન કર્યું હતું. તેમજ રબ્બર બમ્પ, રિફ્લેક્ટર અને દિશા સૂચક બોર્ડ સહિત વાહન ચાલકોને પોતાના વાહન હંકારતી સમય જાણકારી મળી રહે તેવા બોર્ડ લગાવા માટે અધિકારીઓને આદેશ કર્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.



### ખેડબ્રહ્મા વોડ-૩માં શહેરના યુવા રીપોર્ટર વિજેતા

નગરપાલિકાની સામાન્ય ચુંટણી યોજાઈ હતી જેમા વોર્ડ નંબર-૩ના ભાજપના ઉમેદવાર નિકુંજ રાવલ અને શહેરના અખબારી જગતના નિડર નિષ્પક્ષ તરીકે જાણીતા નિકુંજ રાવલ ૭૨૨ મત મેળવી વિજેતા જાહેર થયા હતા.

### સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો વચ્ચે ગંદકીના મુદ્દે

# દલવાડાના ગ્રામજનોએ આપી ચૂંટણી બહિષ્કારની ચીમકી

### ગંદકીના મુદ્દે ચૂંટણી બહિષ્કારની ચીમકીના પગલે તંત્ર હરકતમાં

આગામી ૨૧મી ફેબ્રુઆરીએ બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. ત્યારે સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો વચ્ચે ગામમાં ગંદકી ફેલાતા છાસવારે બાળકો બિમારીમાં સપડાય છે. આ અંગે અનેકવાર તંત્રને રજુઆત કરવા છતાં કોઈજ નિરાકરણ ન આવતા આખરે



પાલનપુર તાલુકાના દલવાડા ગામના લોકોએ ગામમાં ગંદકીના મુદ્દે ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના દલવાડા ગામમાં વર્ષોથી ગામના રસ્તાઓ ઉપર પાણી ભરાતા લોકોને કીચડમાંથી પસાર થવા મજબૂર બનવું પડે છે. કંટાળેલા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી છે. ગામ લોકોએ પોતાની માંગણી ન સંતોષાતા આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવાનો માર્ગ અખત્યાર કરતા જિલ્લા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે.

### ગંદકી મુદ્દે ચૂંટણી બહિષ્કારની નોબત..!!!

સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો વચ્ચે ગંદકીના મામલે ગ્રામજનોને ચૂંટણી બહિષ્કાર કરવાની ફરજ પડે તેજ બતાવે છે કે, સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર જ સાર્થક નિવડ્યું છે! આમ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન પાછળ કરોડો રૂપિયાના આંધણ બાદ પણ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગ્રામજનોને ગંદકીના મુદ્દે ચૂંટણી બહિષ્કાર કરવાની નોબત આવી છે. જે ઘણું બધું કહી જાય છે.

# શામળાજી પોલીસે ટ્રકમાંથી ૬.૫૪ લાખ અને મારુતિ કારમાંથી ૫૨ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો



શામળાજી પોલીસે અણસોલ ગામની નજીક ટ્રકમાંથી ૬.૫૪ લાખ અને બોરનાલા ગામની સીમમાંથી કારમાંથી ૫૨૮૦૦/- રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી ટ્રક ચાલક સહીત અન્ય એક શખ્શ ને ઝડપી કાર ચાલકને પણ દબોચી લઈ અન્ય આ ગુન્હામાં સંડોવાયેલા બે શખ્શ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

રતનપુર ચેકપોસ્ટ નજીક સોમવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા બોરનાલા ગામની સીમમાંથી પસારથતી મારુતિ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશીદારૂની પેટી-૮ કુલ બોટલ નંગ-૧૪૪ કીં.રૂ.૫૨૮૦૦/- નો જથ્થો ઝડપી પાડી કારચાલક સંજય ઈશ્વર જોષીયારા (રહે,જુવારવા, ઉદેપુર)ને દબોચી લઈ તેની પાસેથી મોબાઈલ નંગ-૧ કીં.૧૦૦૦ તથા કારની કિંમત ૫૦૦૦૦/- મળી કુલ રૂ.૧૦૩૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ભરી આપનાર રાજુ બાબુ પાંડોર (રહે, કનબાઈ, ઉદેપુર) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હોનોધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પોલીસને વિદેશી દારૂ ઝડપવામાં વધુ એક સફળતા મળી હતી અણસોલ ગામ નજીકથી પસારથતા ટ્રકમાં લાકડાનું ગુપ્ત ખાનું બનાવી ઘુસાડાતો વિદેશી દારૂનો ૫૨૩૨ બોટલ કિંમત રૂપિયા ૬૫૪૦૦૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક રઈસ અલીશેર વણજારા(રહે,મદના પૂર, ઉત્તરપ્રદેશ) અને વિનોદ ભોલારામ જાટ (રહે,જલારા રાજસ્થાન) ની ધરપકડ કરી આરોપી પાસેથી મોબાઈલ નંગ-૧ કીં.રૂ.૧૦૦૦/- તથા ટ્રકની કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦/- મળી કુલ રૂ.૧૬૫૫૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર રવિન્દ્ર(રહે,રેવડી, હરિયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોધવામાં આવ્યો છે.

# રામપુરા ચોકડી પાસે કારની ટક્કરે બાઈકસવારનું મોત

પાલનપુર નજીક આવેલી રામપુરા ચોકડી પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટક્કરે બાઈક ચાલક યુવકનું મોત નિપજ્યું હતું.

પાલનપુરની રામપુરા ચોકડી પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટક્કરે બાઈક ચાલક યુવકને ગંભીર ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ અકસ્માતમાં પાલનપુરના મેઘા બંગ્લોઝમાં રહેતા ૨૦ વર્ષીય આશાસ્પદ યુવક અજય કિશનભાઈ ચૌધરીનું મોત નિપજ્યું હતું. ડિપ્લોમાંના છાત્રના અકાળે થયેલા મોતથી તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

## ભિલોડાના માંકરોડા ગામમાં સ્વીફ્ટ કારચાલકે ટક્કર મારતાં નવદંપતી ઘવાયા

ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં બસ સ્ટેશન પાસે સ્વીફ્ટ કાર ચાલકે ધડાકાભેર ટક્કર મારતાં નવદંપતી ગંભીર રીતે ઘવાયા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ચંદુભાઈ ભગોરાના જણાવ્યા મુજબ માંકરોડા ગામના બસ સ્ટેશન પાસે મારૂતી સ્વીફ્ટ કાર ચાલકે પોતાના કબજાની કાર પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બેદરકારી પુર્વક કાર હંકારતાં માર્ગ ઉપરથી પસાર થઈ રહેલા માંકરોડા ગામના સાંજાભાઈ મનજીભાઈ પારઘી,સીતાબેન સાંજાભાઈ પારઘી નવદંપતીને ધડાકાભેર ટક્કર મારતાં તેમના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



## મોડાસાના કોલીખડ ગામનું ગૌરવ

નડીયાદ ખાતે ગુજરાત વ્યાયામ સ્મારક મંડળ દ્વારા આયોજીત ૪૬મો નાથાલાલ દેસાઈ હાફ મેરેથોન ૩૮મો નરોત્તમદાસ પટેલ ફાસ્ટ વોક સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કોલીખડ ગામના એસ.એન. વણકર દ્વારા સિનિયર સીટીઝન દોડમાં ભાગ લીધો હતો. જેમાં ગુજરાતમાં પ્રથમ સ્થાને આવતાં કોલીખડ ગામનું નામ રોશન કર્યું છે. નડિયાદ ખાતે ૪૬મો નાથાલાલ દેસાઈ હાફ મેરેથોન અને ૩૮મો નરોત્તમદાસ પટેલ ફાસ્ટવોક સ્પર્ધા ગુજરાત વ્યાયામ સ્મારક મંડળ દ્વારા આયોજિત તા.૧૮-૨-૨૦૧૮ના રોજ સવારે ૬-૩૦ કલાકે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મોડાસા ખાતે રહેતાં સોમાભાઈ નાથાભાઈ વણકર હાફ મેરેથોન દોડમાં સિનીયર સિટીઝનની દોડમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવતાં સમાજ અને કોલીખડ તથા મોડાસા તાલુકો તથા અરવલ્લી જિલ્લાનું નામ રોશન કરી ગૌરવ વધાર્યું છે.

# અરવલ્લી જિલ્લામાં 'શીખો અને કમાઓ' નામની સરકારી યોજનામાં લાખ્ખો રૂપિયાનું કૌભાંડ

મોડાસા, તા. ૨૦

ભારતમાં લઘુમતિઓ અને ખાસ મુસ્લિમો શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે અનુસુચિત જાતિ અને જનજાતિ કરતા પણ પછાત છે તેવો રીપોર્ટ કેટલાક વર્ષ પહેલા સચ્ચર કમીટીએ આપ્યો હતો. જેના પરિણામે કેન્દ્ર સરકારે ૧૨મી પંચ વર્ષિય યોજનામાં તમામ લઘુમતિઓ મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન અને પારસી ધર્મના લોકો માટે રોજગાર અપાવે તેવી કૌશલ્ય વિકાસની યોજના અમલમાં લાવવામાં ઠરાવવામાં આવ્યું. સામાન્ય રીતે આવી યોજનાઓ જ્યારે બહાર પડે છે ત્યારે સરકાર પર લઘુમતિ તુષ્ટીકરણના આક્ષેપો કરવામાં આવે છે. સામાન્ય માણાસને લાગે છે કે સરકાર લઘુમતિઓ માટે યોજનાઓ બહાર પાડી વોટ બેંકની રાજનીતી કરે છે અને સામે પક્ષે લઘુમતિઓ કેન્દ્ર સરકારની સહાયની જાહેરાતો સાંભળી ખુશ થાય છે કે સરકાર તેમના માટે ઘણુ કરી રહી છે. પરંતુ હકીકત કંઈક જુદીજ છે હોય છે. સરકારી યોજનામાં મોટા પાયે ગફલાં કરી બરોબર રૂપિયા ઓળવી જવાના અનેક કિસ્સાઓ સામને આવ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં શીખો અને કમાઓ યોજનામાં લાખ્ખો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ઘટના ટોક ઓફ ધી ટાઉન બની છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર લઘુમતિઓના અભ્યાસ અને ઉત્થાન માટે નાણાં ફાળવી આ યોજનાઓની જોરશોરથી જાહેરાત પણ કરવામાં આવતી હોય છે. પરંતુ આ ગ્રાન્ટના નાણાંનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જાણીને તમને ખબર પડશે કે લઘુમતિઓનું તો માત્ર નામ જ છે ખરેખર મલાઈ તો કોઈક બીજુ જ તારવી રહ્યું છે. લઘુમતિઓના હાથમાં તો ફકત બચેલુ મેરવણ જ આવે છે. આખુ નેટવર્ક સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે જેમાં મોડાસામાં કેટલાક સ્વાર્થી લોકો થોડા ઘણા પૈસા માટે આખી સરકારી યોજના પર પાણી ફેરવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના લઘુમતિ કાર્ય મંત્રાલય દ્વારા જસ્ટીસ સચ્ચર કમીટીના રીપોર્ટના અનુસંધાને લઘુમતિઓમાં રોજગારીનં પ્રમાણ વધે અને સ્વનિર્ભર થાય તે માટે કૌશલ્ય વિકાસ અને શિક્ષાના માધ્યમથી નવા અવસર પ્રદાન કરવા વિવિધ યોજનાઓ અમલમાં લાવવામાં આવી છે. ૧૨મી પંચ વર્ષિય યોજના અતંર્ગત કૌશલ્યની સાથે રોજગાર સુનિશ્ચિત કરવાની સુવિધા પણ કરવામાં આવી છે. આ યોજનાઓમાંની એક યોજના ''શિખો અને કમાઓ'' નામની યોજના ચાલી રહી છે. લઘુમતિ કાર્ય મંત્રાલયની વેબસાઈટ પરથી મળતી માહિતી મુજબ આ યોજના છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે. આ અનવયે ગુજરાતમાં આ યોજના કાર્યરત કરવા માટે ૬ એન.જી.ઓ.ને PROJECT IMPLEMENTING AGENCY (PIA) તરીકે નિયુક્ત કરવામાં આવી છે. મંત્રાલયની વેબસાઈટ પરથી મળતી માહિતી મુજબ આ ૬ એન.જી.ઓ પૈકીની એક એન.જી.ઓ ''દિવ્યમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટે'' મોડાસા સહિત અન્ય ૬ નગરોમાં શાખાઓ શરૂ કરી છે જેનુ મોડાસાનું સરનામું કોલેજ રોડ પર આવેલ ''ફૈઝાન કોમપ્લેક્ષ''




બતાવેલ છે. તપાસ કરતા જણાવા મળેલ કે આ સ્થળ પર દિવ્યમ તો નહિ પરંતુ સહારા એજ્યુકેશનનો બોર્ડ લાગેલ હતુ જે હાલ અગ્મયકારણસર ઉતારી લેવામાં આવ્યું છે.

શીખો અને કમાઓ યોજના અંતર્ગત મોડાસાના લઘુમતિ ધર્મના અંદાજીત ૩૦૦ વિદ્યાર્થીઓ પાસેથી ડોક્યુમેંટસ લેઈ વેબ સાઈટ પર બતાવેલ જાણકારી પ્રમાણે બધાને WEB DESIGNING AND PUBLISHING ASSITANT(ICT-707) ના કોર્ષમાં નોંધણી કરવામાં આવી હતી વેબ સાઈટ માં આપેલ જાણકારી મુજબ વિદ્યાર્થી દિઠ લઘુમતિ કાર્યમંત્રાલય રૂ. ૨૯૫૦૦ (ઓગણત્રીસ હજાર પાંચસો) ચૂકવે છે. જેમાંથી કોર્ષ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીને રૂ. ૪૫૦૦ સ્ટાઈપેંડ આપવાનું હોય છે. સમગ્ર કોર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને સંસાધનીક અને અન્ય સુવિધા તેમજ અનુભવી શિક્ષક પુરા પાડવાની શરતો છે. વેબસાઈટ પર આપેલ જાણકારી મુજબ 'દિવ્યમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટે' ૨૦૧૬-૧૭ માં ૨૩ બેચ પૂર્ણ કરી છે જેમાં બેચ દિઠ સંખ્યા બતાવેલ નથી. આ કોર્ષમાં નોંધાયેલ કેટલાક વિદ્યાર્થીઓને મળતા જણાવા મળ્યુ કે મોટાભાગને આ કોર્ષમાં શાનો અભ્યાસ કર્યો તેની ખબર જ નથી અને ફક્ત કોમ્પ્યુટરનો કોર્ષ હતો તેટલી માહિતી છે. આ ઉપરાંત કેટલા વખત સેંટર પર અભ્યાસ કરવા ગયા. તો બે કે ત્રણ વખત ગયા હતા તેવો જવાબ મળ્યો. જોકે વેબસાઈટ પર આપેલ માહિતી મુજબ સતત ત્રણ માસનો કોર્ષ પૂર્ણ કર્યા બાદ જ PROJECT IMPLEMENTING AGENCY ઉપરોક્ત રકમ અને વિદ્યાર્થીઓને સ્ટાઈપેંડની ચુકવણી થઈ શકે છે.

અત્યાર સુધી તો કુલડીમાં ગોળ ભગાતો હતો પરંતુ વાત તાજેતરમાં બહાર આવી છે જેનું કારણ વિદ્યાર્થીઓ પાસેથી સ્ટાઈપેંડના રૂ.૪૫૦૦ના ચેક સામે મોડાસાના સંચાલક દ્વારા લેવામાં આવી રહેલ રૂ.૧૦૦૦ કમીશન છે. કેટલાક વાલીઓ જે ફક્ત રૂ.૪૫૦૦ માટે તેમના બાળકોના ડોક્યુમેંટ જમા કરાવી આવ્યા હતા તેમણે ઓહાપોહ કર્યો. આવા કેસમાં નોંધાયેલ વિદ્યાર્થીને તો ખબર જ નથી કે કયા કોર્ષ માં એડમીશન લીધુ છે. આ વાત બહાર આવતા તપાસ કરતા જણાવા મળ્યુ કે ૨૦૦ સ્કેવર ફીટની દુકાનમાંથી આ સમગ્ર કોર્ષનુ સંચાલન કરવામાં આવતુ હતુ જ્યાં કોઈપણ પ્રકારની સાધાનીક સુવિધાઓ હતી જ નહિ. જાણવા મળેલ માહિતી અનુસાર મોડાસાના સંચાલક પાસે હાલ રૂ.૪૫૦૦ ના ૩૦૦ ચેક આવ્યા હતા જેમાં મોટાભાગના ચેક રૂ.૧૦૦૦ કમીશન લઈ આપવામાં આવ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓના ડોક્યુમેંટ તો અગાઉ GUJARAT URBAN LIVELIHOOD MISSION (GULM) યોજનામાં અભ્યાસ માટે જમા કરાવેલ હતા તે બારોબાર લઈ લીધા છે અને જ્યારે તેમને સ્ટાઈપેન્ડ લેવા માટે ફોન આવ્યો ત્યારે આશ્ચર્યમાં મુકાયા હતા. તેમને કહેવામાં આવ્યુ કે ફકત રૂ.૧૦૦૦ આપી રૂ.૪૫૦૦નો ચેક લઈ જાવ. આવા વિદ્યાર્થીઓને તો જાણે લોટરી લાગી ...!

આ યોજના અંતર્ગત દરેક વિદ્યાર્થીનું નોકરી માટેનું કાઉંસીલીંગ કરી કોર્ષના કુલ વિદ્યાર્થીઓમાંથી ૭૫% ની નોકરી સુનિશ્ચિત કરવાની હોય છે જે મોડાસામાં થયું નથી અને કેટલાક વિદ્યાર્થીઓ જણાવ્યું કે અમુક ને બોગસ ઓફર લેટર પણ આપવામાં આવ્યા છે. કોર્ષ દરમ્યાન કોઈની પરિક્ષા પણ લેવામાં આવી નથી તેવું જાણવા મળ્યુ છે. આ કેસમાં કુલ ૨૨૫ વિદ્યાર્થીઓને નોકરી મળવી જોઈએ ત્યારે કેટલાની નોકરી મળી તે મોટો પ્રશ્ન છે. ભારત સરકાર રોજગારી આપવાના પ્રયત્નો કરે છે પરંતુ ભ્રષ્ટાચાર અને લેભાગુ તત્વોના કારણે સરકારે કરેલ વાયદા પુરા થતા જ નથી. સરકાર રોજગારીના આંકડા અમલમાં લેવાયેલ યોજનાઓ પરથી જાહેર કરે છે પરંતુ કરોડો રૂપિયા ખર્ચાયા પછી પણ યુવાનો બેકાર છે તેનુ મુખ્ય કારણ આવા કૌભાંડો હોઈ શકે છે. અન્ય યોજનાઓમાં પણ કદાચ આવા જ કૌભાંડો ના કારણે મોદી સરકારે એક કરોડ રોજગારીની તકો ઊભી કરવાનું આપેલું વચન પાળી શકાયું નથી.

આ સમગ્ર મામલાને એક કૌભાંડ કેહવામાં જરા પણ અતિશયોક્તિ નથી તેવુ લોકોનું માનવુ છે ત્યારે ફક્ત મોડાસા કક્ષાએ કૌભાંડનો આંકડો ૭૮ લાખ સુધી પહોંચે છે. આવા કૌભાંડો અન્ય નગરોનો સેન્ટરો પર થયા છે કેમ તે તપાસનો વિષય છે. આ ઉપરાંત આ અંગે વધુ તપાસ કરતા માહિતી મળી છે કે અન્ય એક સરકારી યોજના જેમાં બેરોજગાર બેહનોને સીવણના વર્ગો ચલાવી તેમને પગભર કરવાના હોય છે તેમાં પણ સંચાલક દ્વારા રૂ.૧૦૦૦-૨૫૦૦ કમીશન લેવામાં આવ્યુ છે.

સમગ્ર કૌંભાંડમાં હજુ પણ વધુ ખુલાસા થઈ શકે છે ત્યારે જિલ્લા કલેક્ટર અને જવાબદાર અધિકારીઓ દ્વારા આ કૌંભાંડની સત્યતા બહાર લાવવામાં આવે અને કૌંભાંડમાં દોષિત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ જીલ્લાના મુસ્લિમ અગ્રણીઓમાં ઉઠી છે.